સંવત્સર પ્રવર્તક વિક્રમાદિત્ય થયો છે તે અંગે પુરાતત્ત્વવિદોમાં શું વિક્રમ થયો છે ? સાચો વિક્રમાદિત્ય કયો ? શું તેણે જ સંવત્સર ચલાવ્યો છે ? અને વીરનિર્વાણ પછી વિક્રમ ક્યારે થયો ? ઇત્યાદિ બાબતોમાં તીવ્ર વિસંવાદ છે. એટલે એ સંબંધી પણ આપણે અહીં થોડી વિચારણા કરી લઈએ.

વિ. સં. ૧માં વિક્રમ રાજા થયો છે, કિન્તુ જેના નામની સાથે વિક્રમ શબ્દ જોડાય છે, એવા બીજા અનેક રાજાઓ થયા છે અને તેઓની કેટલીક ઐતિહાસિક ઘટનાઓ ભેળસેળ થઈ ગઈ છે. સ્વનરેશપ્રેમી લેખકોએ પણ એકની ઘટના બીજાના નામે ચડાવી દીધી છે. આમ હોવાથી વિક્રમનું વાસ્તવિક જીવન નિર્ભેળ મેળવી શકાય એવી સ્થિતિ રહી નથી. પણ એટલા પરથી વિ. સં. ૧માં વિક્રમ થયો જ નથી એવું કહી શકાય તેમ નથી. ''વિક્રમ સંવત્'' એ પણ વિ. સં. ૧માં કોઈ પણ વિક્રમ થયાનો સબળ પુરાવો છે.★

વિક્રમનું બિરુદ ધરાવનાર કે વિક્રમની ખ્યાતિ મેળવનારા અનેક રાજાઓ થયા છે. જેમકે – પાર્થિયન રાજા અઝીઝ, શાતકર્ણી શાલિવાહન, શુંગવંશી અગ્નિમિત્ર, વસુમિત્ર, કુશાનવંશી કનિષ્ક, ગર્દભિલ્લનો વારસદાર, ભરૂચનો રાજા બલમિત્ર, ગૌતમીપુત્ર શાલિવાહન, શકારિ ગુપ્તવંશી સમુદ્રગુપ્ત, ગુપ્તવંશી બીજો ચંદ્રગુપ્ત, સ્કંદગુપ્ત, માળવાનો યશોધર્મ, સેનાપતિ ભટ્ટાર્ક, કનોજનો હર્ષવર્ધન, પુલકેશિવલ્લભનો પુત્ર વિક્રમ, માળવાનો વૃદ્ધ ભોજ, ચૌલુક્ય વિક્રમ કાળ, કલ્યાણપુરનો સોલંકી વિક્રમાદિત્ય અને મોગલરાજ હુમાયુનો વિજેતા હેમુ વગેરે વગેરે.■

આ રાજાઓમાં કોઈ રાજા વિક્રમ પહેલાં થયા છે, કોઈ પછી થયા છે; કોઈ અવન્તિ બહારના છે, કોઈ શક છે, અને કોઈ પોતાના જુદા જુદા સંવત્સરના પ્રવર્તક છે. આ રાજાઓમાં માત્ર ૧. તત્કાલીન આંધ્રપતિ, ૨. ગર્દભિલ્લનો વારસદાર અને ૩. બલમિત્ર; એ ત્રણ રાજાઓ

★ આ૦ ભદ્રબાહુસ્વામી, આ૦ કાલિકાચાર્ય, આ૦ કક્કસૂરિ, આ૦ સિદ્ધસૂરિ, આ૦ ચંદ્રસૂરિ, આ૦ સ્વાતિસૂરિ, આ૦ શીલસૂરિ, આ૦ હરિભદ્રસૂરિ, આ૦ વિજયસિંહસૂરિ, આ૦ અભયદેવસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ, આ૦ ધર્મઘોષસૂરિ, આ૦ મલ્લવાદિજી, રાજા વિક્રમ, રાજા શિલાદિત્ય, રાજા શાલિવાહન, રાજા ખુમાણ, રાજા ભર્તૃભટ્ટ; આ નામવાળા એકથી વધુ ઐતિહાસિક પુરુષો થયા છે અને તેઓની જીવનઘટનાઓમાં ઓછાવત્તા અંશે ભેળસેળ પણ થયેલ છે.

■ વિક્રમાદિત્ય સંબંધી વિશેષ જાણવા ઈચ્છનારે ''જૈન સત્ય પ્રકાશ'નો ક્રમાંક ૧૦૦ 'વિક્રમ વિશેષાંક' અને તેમાં આવેલ અમારા ''સમ્રાટ વિક્રમાદિત્ય'' અને ''મહારાજા વિક્રમાદિત્ય'' લેખો વાંચી લેવા.